અપીલ અરજી નં.૧૯૯ તા.૩–૧૦–૦૮

અરજદારઃ શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈ
સામાવાળાઃ(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી
(૨) ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

## હુકમઃ–

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈની તા. ૧–૯–૦૮ અરજી થી તા. ૧૪–૮–૦૮ ના રોજ આપના કર્મચારી જાહેર માહિતી અધિકારીશ્રી ઉપર સી.આર.પી.સી કલમ ૧૯૭ મુજબની કાર્યવાહીકરવા માટે માગેલ મંજુરી બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૩–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૧૯૯/૨૦૦૮–૦૯

શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈની તા. ૧–૯–૦૮ અરજી થી તા. ૧૪–૮–૦૮ ના રોજ આપના કર્મચારી જાહેર માહિતી અધિકારીશ્રી ઉપર સી.આર.પી.સી કલમ ૧૯૭ મુજબની કાર્યવાહીકરવા માટે માગેલ મંજુરી બાબતે માંગ્યા મુજબની માહિતી અંગે પ્રત્યુત્તર ન મળવાના તથા અપીલ અરજી નં.૯૩,૯૪,૯૫ તા.૧૮–૭–૦૮ થી આપેલ જવાબના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૭ તા.૧૫–૧૦–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડાયરેકટર ઓફ પ્લાનીંગ તરફથી ટીપીડી/આ.નં.૫૩૧૪ તા.૨૭–૧૦–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જયારે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી. સરકારશ્રીના શહેર વિકાસ વિભાગના તા.૧૭–૯–૦૮ થી આવેલા અરજી અત્રેના પત્ર નં.૫૬૦ તા.૧૯–૯–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મહેકમને મોકલાયેલ છે. તે બાબતે તેઓ કક્ષાએથી અરજદારને કોઈ માહિતી આપવાનું કે ઈન્કાર કર્યાનું જણાતું નથી.

અરજદારે તા.૧–૯–૦૮ ની આઈ ડી. નં.૫૯૬ મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી અંગે નહી મળેલ પ્રતિભાવ બાબતે નં.ટીપીડી/આ.નં.૪૫૬૯ તા.૩૦–૯–૦૮ તથા નં.ટીપીડી/આ.નં.૫૩૦૪ તા.૨૪–૧૦–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડી સહ અરજી અન્વયે ખાતાકીય તપાસ અને રીપોર્ટ માટે કાર્યવાહી હેઠળ હોવાની માહિતી પૂરી પાડવામાં આવ્યાનું જણાય છે. અરજદારે અપીલ અરજીમાં અપીલ અં.૯૩,૯૪,૯૫ માંડવાળ કર્યાનો ઉલ્લેખ કરેલ છે પરંતુ મુળ અરજી નમુના 'ક' ની અરજીમાં તેનો કોઈ ઉલ્લેખ ન હોઈ અપીલના તબકકે અપીલનું કારણ બનતું નથી તેમ છતાં આરટીઆઈ એકટની કલમ–૧૯(૩) હેઠળ અરજદાર રાજય માહિતી આયોગ સમક્ષ ઠરાવેલ સમયમર્યાદામાં બીજી અપીલ કરવા હકદાર રહે છે. તેથી તે અંગે આ તબકકે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. આ રીતે અરજદારને માંગ્યા મુજબની દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" "અરજદારની તા. ૧–૯–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અને જાહેર માહિતી અધિકારીએ માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા જણાવવામાં આવેલ છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧–૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,તથા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પટેલ પ્રવિણભાઈ પ્રેમાભાઈ